# વ્રત તહેવારોને પગલે ફ્રૂટ બજાર ઉભરાયા

## ધાર્મિક તહેવાર અને વ્રતને પગલે બજારમાં વિવિધ ફળોનું આગમન થયું છેઃ ઉપવાસના દિવસોમાં શાકભાજીની ખરીદી ઘટી




વર્ષાઋતુની શરૂઆત થતાં જ ધાર્મિક અને સામાજિક તહેવારોની ઉજવણી કરવામાં આવે છે.જેને પગલે બજારમાં વિવિધ ફળોનું આગમન થઈ ચૂક્યું છે અને હજી આગામી દિવસો માં અઢળક ફળો જોવા મળશે. વર્ષાઋતુને 'ચોમાસુ' પણ કહેવાય છે. ચાર મહિના જેવું સંખ્યાસૂચક સંબોધન માત્ર વર્ષાઋતુ માટે જ વપરાય છે. આમ કેમ? વર્ષાઋતુનાં 'દેવશયી અગિયારસ' થી 'દેવઉઠી અગિયારસ' દરમ્યાનના સમયને ચોમાસુ સંબોધાય છે. આ સમય દરમ્યાન વિવિધ ધાર્મિક વ્રત-તહેવારો જે તે તિથિ અનુસાર ઉજવવામાં આવે છે. ગૌરીવ્રત, જયાપાર્વતી વ્રત, શ્રાવણનાં સોમવાર, દિવાસો, અગિયારસ, દશામાંનું વ્રત, વટસાવિત્રી પૂનમ, ફુલકાજળીનું વ્રત જેવા અનેક ધાર્મિક માન્યતા અને પરંપરાનુસાર વ્રત કરવામાં આવે છે. અલગ-અલગ પ્રાંતમાં વ્રતનાં વિધિ-વિધાનોમાં થોડો ફરક હોય છે. પરંતુ આ વ્રતનાં ભાગરૂપે પૂજન-અર્ચન-દર્શન, કથાશ્રવણ સાથે સામાન્ય રીતે ખવાતા ખોરાકને બદલે ઉપવાસ-એક વખત જમવાનું થતું હોય છે. ઉપવાસ અને એકટાણાં દરમ્યાન હંમેશા ખવાતા ખોરાકને બદલે લેવાતા ખોરાકને 'ફરાળ' કહીએ છીએ. હંમેશા એક સરખા જીવાતા જીવનમાં થોડી વિવિધતા ઉમેરાય, ઋતુ અનુસાર અનુકૂલન થાય તથા સામાજિક ઉમંગ-ઉત્સાહ સાથે ધાર્મિક આસ્થા અને પરંપરા જળવાય તેવા આશય અને ઉપયોગિતાને કારણે જ આધુનિક યુગમાં પણ આ બધા જ તહેવારો, વ્રતની પરંપરા યથાવત ચાલે છે. જીવનમાં નાવિન્ય-ઉત્સાહ અને શ્રધ્ધા ઉપરાંત આ બધી પ્રથાઓ પાછળ આરોગ્યલક્ષી ઉદ્દેશ્ય પણ છે. તે જાણવા આપણે 'ફરાળ' વિશે પણ થોડું જાણવા જોગ છે.

### 'ફરાળ' એટલે 'ફલાહાર':

ફરાળ એ ફલાહાર સંસ્કૃત શબ્દનો અપભ્રંશ થયેલો શબ્દ છે. ફરાળનો ઉદ્દેશ્ય સામાન્ય રીતે ખવાતા ખાદ્યપદાર્થોને બદલે ફલાહાર-ફળનો આહાર કરવો એટલે માટે આરોગ્યપ્રદ છે, કેમકે વર્ષાઋતુમાં ભેજ, ઠંડક, સૂર્યપ્રકાશનો અભાવ, વાદળછાયું વાતાવરણ માત્ર માનવ શરીર પર અસર કરે છે તેવું નથી. આ બદલાયેલ આબોહવાની અસર પાણી, શાકભાજી, અનાજ, કઠોળ દરેક પર થાય છે. વરસાદના દિવસો દરમ્યાન પાચનશક્તિ મંદ થવાનું કારણ વધુ ભેજયુક્ત વાતાવરણમાં વાયુદોષની સાહજીકતાથી થતી વિકૃતિ છે. આવા સમયગાળા દરમ્યાન અમુક તિથિ-તહેવારે સામાન્ય ખોરાકનો ત્યાગ કરી માત્ર પાણી, નવશેકું પાણી, ફુલ સુંઘવું, દૂધ-છાશ જેવા પીણાં, કેળા-ચીકુ-પપૈયા તથા ઋતુમાં મળતા તાજાં ફળ પ્લમ્સ, જાંબુ, નાસપતિનું સેવન કરવાથી પાચનશક્તિ જળવાઈ રહે છે. માત્ર ફલાહાર કરવાને પરિણામે રસોઈ-આહારમાં વપરાતો સમયગાળો ઘટે છે. જેનો ઉપયોગ ઈશ્વરનું પૂજન, સ્મરણ, ધ્યાન વગેરે જેવી આધ્યાત્મિક પ્રવૃત્તિ માટે કરી શકાય. સગાં-સબંધીઓ, મિત્રવૃંદ સાથે મળીને ભજન-કીર્તન, સંગીત-નૃત્ય જેવી સમૂહમાં આનંદવર્ધન કરતી પ્રવૃત્તિમાં કરી શકાય. એકધારા જીવાતા જીવનની નીરસતામાં નવીનતા અને ઉત્સાહ આવે. વાદળછાયા વાતાવરણમાં મનમાં ઉદાસી, ઉત્સાહનો અભાવ, વિચારવાયુ જેવી માનસિક વ્યથા પણ નજીવા કારણોસર થતી હોય છે. વ્રત-તહેવારોની ઉજવણી જીવનમાં નવો રંગ-ઉત્સાહ ઉમેરે છે.ઉપવાસ-શબ્દને આપણે માત્ર ખોરાક નહીં ખાવો, એવા અર્થથી મૂલવીએ છીએ. ઉપવાસનો શાબ્દિક અર્થ છે. ઈશ્વરની નજીક બેસવું. આવું ઈશ્વરિય તત્વનું સાન્નિધ્ય, ચિંતન-મનન, ઉજવણું ત્યારે શક્ય બને જયારે રોજબરોજની પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લઈ શકીએ. આથી ઉપવાસ દરમ્યાન ફલાહાર સૂચવાયો છે.

### ફરાળ અને આરોગ્યઃ

સામાન્ય રીતે બટેકા, શક્કરિયા, શિંગોડા, સાબુદાણા, માવો, સૂકોમેવો, ઘી, તેલ, ખાંડ, ગોળ, દૂધ, દહીં જેવા પદાર્થો ફરાળી વાનગીમાં વાપરીએ છીએ. આ બધા પદાર્થો કાર્બોહાઈડ્રેટ્સ, ફેટ, સુગરથી ભરપૂર છે. ભોજનમાં નાવીન્ય લાવતી તળેલી-ગળી ફરાળી વાનગીઓ આરોગવામાં પ્રમાણભાન પણ જળવાતું નથી. આથી પાચનશક્તિની મંદતાનાં દિવસો દરમ્યાન પચવામાં ભારે-પૌષ્ટિક ફરાળી વાનગીઓ અપચો, એસિડીટી, ઝાડા-કબજીયાત, ગેસ, બ્લડસુગર-બ્લડપ્રેશરમાં વધારો જેવી અનેક સમસ્યા સર્જે છે.

વાયુપ્રકૃતિના વ્યક્તિઓ બટેકા, સાબુદાણા જેવી કાર્બોહાઈડ્રેટસવાળી, વાયડી ફરાળી ચીજો વારંવાર ખાશે તો પાચનમાં ગડબડ થવાની શક્યતા વધેજ. આથી ચીકુ, કેળા, નાસપતિ, પપૈયું, ખજૂર, ઓછી મલાઈવાળા દૂધમાં બનાવેલી ખીર, લીલા નારિયેળ કે સાબુદાણાની ખીર જેમાં ઓછા પ્રમાણમાં સાકર, એલચી-કેશર નાખ્યાં હોય તો તેવી ખીર પાચક અને અનુકૂળ બનશે.

પિત્તપ્રકૃતિનાં વ્યક્તિઓ પણ ઉપર જણાવ્યા તેવા ફળ, ખીર ઉપરાંત દૂધીનો હલવો, ટોપરાપાક જેવી ઘરની બનાવેલી મીઠાઈ ઓછા ગળપણ અને ઓછી ફેટવાળા દૂધનો ઉપયોગ કરી બનાવી ખાય તો વધુ ફેટ-ગળપણથી થતી એસિડીટી, ગોલબ્લેડરનો સોજો, ફેટીલીવર, પિત્તનાં ઝાડા જેવા નાના-મોટા પિત્તસબંધિત રોગની પીડાથી બચી શકે છે.નિયમિત અંતરે ૧૦-૧૨ ગ્લાસ પાણી, વેજીટેબલ સૂપ, સૂરણ, ફળો જેવા ખોરાકમાં બદલાવથી પિત્તનું સંતુલન શક્ય બને છે, જો તેલ, ઘી, માવો, વધુ ફેટવાળા દૂધનો ઉપયોગ ટાળવામાં આવે તો. કફ પ્રકૃતિવાળા વ્યક્તિઓ ગરમ નવશેકા સૂપ, કેશર-એલચીવાળું અથવા હળદર ઉમેરેલું દૂધ, મોરૈયો-સાબુદાણાની ઓછા તેલ-ઘી, આદું-મરી ઉમેરી બનાવેલી ખીચડી ખાઈ શકે છે. પરંતુ કફની તકલીફ હોય તેઓએ ઠંડી છાશ, દહીં, દહીંમાંથી બનાવેલું રાયતું, મિલ્કશેક, માવાની મીઠાઈ ન ખાવી. આદું, મરી, તુલસી નાંખી અડધું દૂધ-અડધું પાણી નાંખી ઉકાળીને બનાવેલો ઉકાળો થોડી માત્રામાં સાકર નાંખી પીવાથી કફદોષનું સંતુલન થશે.

---

ગચ્છાધિપતિ આચાર્ય

# પૂ.વિજય અભયદેવ સૂરીશ્વરજી ગાંધીનગર ખાતે ચાતુર્માસ અર્થે પધારશે

## આગામી તા.૨૯મી જૂને સવારે ૯ કલાકે ગાંધીનગર પધારશે જૈન સંઘ ભવ્ય સામૈયું કરશે : ચાતુર્માસ દરમ્યાન સંતો-મહંત, રાજ્યપાલ-મુખ્યમંત્રી સહિત મંત્રીઓ, નેતાઓ, અગ્રણીઓ, અધિકારીઓ મુલાકાત લેશે

ગાંધીનગર, તા. ૨૩

જૈન ધર્મમાં ચાતુર્માસનું ખુબ મહત્વ છે. ગાંધીનગરના સેક્ટર-૨૨માં શ્વેતાંબર જૈન દેરાસર ખાતે આ વર્ષે ચાર્તમાસ અર્થે જૈન ગચ્છાધિપતિ આચાર્ય પૂ.વિજય અભયદેવસૂરીશ્વરજી મહારાજા તથા તેમના શિષ્યરત્ન માર્ગદર્શક આચાર્ય પૂ. વિજય મોક્ષરત્નસૂરીશ્વરજી મહારાજા આદિઠાણા-૬૩ પધારી રહ્યાં છે. આગામી તા.૨૯મી જૂને અષાઢ સુદ અગિયારસના ગુરુવારના રોજ સવારે ૯ કલાકે મહારાજ સાહેબનો અભય અમૃત ચાતુર્માસ અર્થે ગાંધીનગરમાં પ્રવેશ થશે જેમનું જૈન સંઘ ભવ્ય સામૈયું કરશે. તા.૨જી જુલાઈથી તેમના ચાતુર્માસનો પ્રારંભ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે મહારાજ સાહેબ પોતાના આદિઠાણા સાથે સે-૨૨ જૈનદેરાસર ખાતે પાંચ મહિના સ્થિરતા કરશે અને મહારાજ સાહેબની નિશ્રામાં શ્રમણ-શ્રમણી સહિત ૬૩ ઠાણાની નિશ્રા ગાંધીનગરને પ્રાપ્ત થવાને કારણે પાટનગરના સમસ્ત જૈન સમાજમાં પ્રસન્નતા પ્રસરવા પામી છે. સમગ્ર જૈન સમાજ જેની આતુરતાથી પ્રતીક્ષા કરી રહ્યો હતો તે લ્હાવો પ્રાપ્ત થતા સમગ્ર જૈન સંઘ આ ચાતુર્માસ ભવ્ય અને દિવ્ય બને તે માટે તડામાર તૈયારીઓમાં લાગી ગયો છે. આ ચાતુર્માસ દરમિયાન હિન્દુ સમાજના અગ્રીમ સંતો-મહંતો, ગુજરાતના રાજયપાલ તથા મુખ્યમંત્રી, કેન્દ્ર અને રાજ્ય સરકારના મંત્રીઓ, સંસદ સભ્યો, ધારાસભ્યો સહિત અગ્રણી હોદ્દેદારો અને અધિકારીઓ મહારાજ સાહેબ તથા સંઘના દર્શનાર્થે પધારશે. મહારાજ સાહેબની નિશ્રામાં આગામી ૨ જુલાઈથી ચાતુર્માસનો પ્રારંભ થશે અને ૨૭ ઓક્ટોબરના સોમવારે કારતક સૂદ પૂનમે ચાતુર્માસની પુર્ણાહુતિ થશે.



### મહારાજ સાહેબે તળાવો, સડકો, શાળાના વર્ગો, હોસ્પિટલ બંધાવ્યાં છે

ગાંધીનગર જૈન સમાજ જેમને ચાતુર્માસ માટે આવકારવા ઉત્સુક બન્યો છે તેવા ગચ્છાધિપતિ આચાર્ય પૂ.વિજય અભયદેવસૂરીશ્વરજી મહારાજા અંગે માહિતી આપતાં જૈન સમાજના યુવા અગ્રણી સ્નેહલભાઈ શાહે જણાવ્યું હતું કે મહારાજ સાહેબનો જન્મ પાટણ જિલ્લાના રાધનપુરમાં થયો હતો. મહારાજ સાહેબે ૫૯ વર્ષના દીક્ષાપર્યાયમાં દેશના ૧૮ રાજ્યોમાં દોઢ લાખ કિમીની પદયાત્રા ધર્મપ્રચાર, સંસ્કાર-સંરક્ષણ, સંઘ, એકતા, મેડિકલ ચેકઅપ કેમ્પ, વ્યસન મુક્તિ જ્ઞાનશાળા આદિ કાર્યો માટે કરી છે. તેઓએ ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં ૨૫ ગૌશાળા અને પાંજરાપોળની રચના કરી છે તેમજ ૧૨૫ જૈન મંદિરોનુ નિર્માણ પ્રતિષ્ઠા અને ૧૦૦ પ્રાર્થના હોલ અને ઉપાશ્રય બંધાવ્યા છે એટલુંજ નહીં તેમણે તળાવો, બોર, સડકો, શાળાના વર્ગો, હોસ્પિટલ વગેરેનું નિર્માણ પણ કર્યું છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે જૈન સમાજના ૨૨ સમુદાય છે તેમાં ૨૫૦ આચાર્યશ્રીઓ છે તથા ૨૨ ગચ્છાધિપતિ છે. પાંચ ગચ્છાધિપતિ આચાર્યશ્રીની પ્રવર સમિતી બનાવવામાં આવી છે જેમાં તેમનું ત્રીજું અને ૨૨ ગચ્છાધિપતિઓમાં ચોથું સ્થાન છે.

---

# ખ-રોડ નજીક ગેરકાયદેસર રીતે વધી રહેલો બાંધકામના કચરાનો ખડકલો

## વરસાદી પાણીના સંગ્રહની કુદરતી જગ્યાને બાંધકામના કચરાની ડમ્પીંગ સાઈટ બનાવી દેવાઈ : આસપાસના વૃક્ષો સહીત શહેરના ભૂગર્ભ જળસંચયને નુકસાન થવાની ભીતિ : કન્સ્ટ્રકશન એન્ડ ડિમોલીશન વેસ્ટ અંગે ઝડપથી નીતિ ઘડી તેનો કડક અમલ કરવાની તાતી જરૂરિયાત




ગાંધીનગર, તા.૨૩

કન્સ્ટ્રકશન એન્ડ ડિમોલીશન વેસ્ટ અંગે શહેરમાં ઝડપથી યોગ્ય નીતિ ઘડીને તેનો અમલ કરવામાં આવશે તેવી વાતો વચ્ચે શહેરમાં અનેક સ્થળે ગેરકાયદેસર રીતે બાંધકામનો કચરો ખડકવાની પ્રવૃત્તિ વધી રહી છે જે આગામી સમયમાં શહેરના પ્રકૃતિ સંતુલન માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. શહેરના ખ-રોડ પાસે સેક્ટર-૫ની સામેની સાઈડ વાવોલના હરિનગર રેલવે ફાટક તરફ જવાના માર્ગે જાણે કન્સ્ટ્રકશન એન્ડ ડિમોલીશન વેસ્ટની ડમ્પીંગ સાઈટ હોય તે રીતે કોઈ તત્વો દ્વારા મોટા જથ્થામાં બાંધકામનો કાટમાળ ખડકી દેવામાં આવ્યો છે જેના પગલે આ વિસ્તારમાં વરસાદી પાણીના કુદરતી સંગ્રહસ્થાન પુરાઈ જવાથી શહેરના ભૂગર્ભ જળસંચયને નુકસાન થવાની ભીતિ છે અને આસપાસના વૃક્ષો માટે પણ તે જોખમરૂપ બની શકે છે.

થોડા દિવસ અગાઉ શહેરના કુદરતી તળાવોમાં બાંધકામનો કાટમાળ નાંખીને પુરી દેવાની ચાલી રહેલી પ્રવૃત્તિ સામે શહેરના પ્રકૃતિ ચિંતકોએ ચિંતા વ્યક્ત કરવા સાથે રોષ વ્યક્ત કર્યો હતો. આ સાથે શહેરના તમામ કુદરતી તળાવને સંરક્ષણ માટે યોગ્ય પગલાં લેવા, પુરાયેલા તળાવ પાછા ખોદાવવા અને ગાંધીનગરના તમામ તળાવની આસપાસ ફેન્સીંગ કરી યોગ્ય નોટીસ બોર્ડ લગાવવા માંગ કરવામાં આવી હતી. આ અંગે મ્યુનિસિપલ કમિશ્નર જે. એન. વાઘેલા સાથે યોજાયેલી બેઠકમાં તેમણે શહેરમાં કન્સ્ટ્રકશન એન્ડ ડિમોલીશન વેસ્ટ અંગે યોગ્ય નીતિ ઘડવાની જરૂર હોવાનું સ્વીકારીને તે દિશામાં ઝડપથી કાર્યવાહી કરવાની બાહેંધરી પણ આપી હતી. બીજી તરફ શહેરમાં ઠેર ઠેર આ પ્રકારનો બાંધકામનો કાટમાળ જ્યાં ત્યાં ખુલ્લી જગ્યાઓ ખાસ કરીને જ્યાં કુદરતી રીતે જે વરસાદી પાણીનો સંગ્રહ કરીને ભૂગર્ભ જળસંચયમાં મદદરૂપ બનતા નાના નાના વેટલેન્ડ્સ છે ત્યાં નાંખવામાં આવે છે જે આગામી સમયમાં શહેરમાં ભૂગર્ભ જળના ઘટી રહેલા જથ્થાની સમસ્યાને વધુ વકરાવશે અને શહેરમાંથી ભૂગર્ભ જળને નામશેષ કરશે જે પાટનગરની પ્રકૃતિના સંતુલન માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. શહેરના સેક્ટર-૫ નજીક ખ-રોડ પાસે વાવોલના હરિનગર રેલવે ફાટક તરફ જવાના માર્ગે ગેરકાયદેસર રીતે કન્સ્ટ્રકશન એન્ડ ડિમોલીશન વેસ્ટનો ખડકલો કરાયેલો જોવા મળી રહ્યો છે. આ જગ્યાએ એક નાની તલાવડી જેવું હતું જે ચોમાસાના સમયમાં વરસાદી પાણીનો સંગ્રહ કરીને શહેરના ભૂગર્ભ જળને વધારવા માટે ઉપયોગી બનતી હતી જે હવે બાંધકામના કચરાથી પુરાઈ જવા પામી છે. આ સ્થિતિ આસપાસના વૃક્ષો માટે પણ જોખમરૂપ છે કેમકે તેમણે પૂરતું પોષણ મળવામાં આ કાટમાળ બધારૂપ બનશે. સત્વરે વહીવટી તંત્ર દ્વારા કન્સ્ટ્રકશન એન્ડ ડિમોલીશન વેસ્ટ અંગે ઝડપથી નીતિ ઘડી તેનો કડક અમલ કરવાની તાતી જરૂરિયાત હોવા સાથે આ જગ્યાને કન્સ્ટ્રકશન એન્ડ ડિમોલીશન વેસ્ટની ડમ્પીંગ સાઈટ બનાવનારા તત્વોની ઓળખ કરી કડક પગલાં ભરવા જોઈએ અને આ વેસ્ટને હટાવી કુદરતી વેટલેન્ડને મુક્ત કરવું જોઈએ તેવી શહેરના પ્રકૃતિપ્રેમીઓમાં માંગ પ્રવર્તિ રહી છે.

---

# વાદળછાયા વાતાવરણ વચ્ચે શહેરમાં આખો દિવસ ઉકળાટ

## વાદળોની અવરજવર આખો દિવસ ચાલુ રહી પરંતુ વરસાદ ન વરસતા ભારે બફારો અને ઉકળાટ અનુભવાયા



ગાંધીનગર, તા. ૨૩

વાવાઝોડાની અસર સમાપ્ત થયા બાદ છેલ્લા કેટલાક દિવસોથી ભારે ગરમી અનુભવાઈ રહી છે. આજે આખો દિવસ આકાશમાં વાદળોની અવરજવર રહી હતી પરંતુ વરસાદ ન પડતા ભયંકર બફારો અનુભવાયો હતો. હજુ વરસાદ માટે એકાદ અઠવાડિયાની રાહ જોવી પડશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. વાવાઝોડુ અને તેના કારણે પડેલા વરસાદ બાદ અનુભવાયેલી ઠંડક છેલ્લા કેટલાક દિવસોથી ગાયબ થઈ ગઈ છે. આજે સવારથી આકાશમાં વાદળોની અવરજવર જોવા મળી હતી. ક્યારેક તો આકાશ વાદળોથી ઘેરાયેલુ જોવા મળ્યુ હતુ. ક્યારેક તો એવુ લાગતુ હતુ કે હમણાં જ વરસાદ તુટી પડશે પરંતુ દિવસ દરમ્યાન ક્યાંય વરસાદ પડ્યો ન હતો પરંતુ વાદળો ઘેરાયેલા જ રહ્યા હતા. આવા વાતાવરણમાં પવનની ગતિ સાવ નહીવત જેવી થઈ જતાં ભારે ઉકળાટ અને બફારો અનુભવાયો હતો. આખો દિવસ ભારે બફારો અનુભવાતા વસાહતીઓને ફુલ સ્પીડે એસી અને કુલર ચલાવવા પડ્યા હતા. જરાક બહાર નીકળો તો પરસેવે રેબઝેબ થઈ જવાતુ હતુ. વાદળછાયા વાતાવરણ વચ્ચે હવામાન વિભાગે આગાહી કરી છે કે હજુ આઠ થી દસ દિવસ સુધી આવુ જ વાતાવરણ રહેશે. વાદળોની અવરજવર રહેશે, ક્યારેક આખુ આકાશ વાદળથી ઘેરાઈ જશે પરંતુ વરસાદ નહી પડે. તે પછી વિધિવત રીતે ચોમાસાનો પ્રવેશ થશે. આ દરમ્યાન રાજ્યના છુટાછવાયા વિસ્તારોમાં ઝાંપટા પડશે. ૨૬મી પછી વરસાદની ગતિવિધિઓ વધશે. પશ્ચિમ બંગાળમાં એક વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે તેથી ચોમાસુ હાલ ઓડિશા સુધી પહોંચ્યુ છે. વાવાઝોડા બાદ વરસેલા વરસાદના કારણે ઘણા ખેડૂતોએ વાવણી કરી લીધી છે. જો વરસાદ વધુ ખેંચાશે તો પાક સુકાઈ જવાનો ભય ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

---

# ભાજપ ત્રણ દિવસ ડોર ટુ ડોર સંપર્ક કરશે, બુથ સ્તરે કરશે નાગરિકોની મુલાકાત




ગાંધીનગર, તા. ૨૩

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૯ વર્ષ પૂર્ણ થવા પર તેમજ પ્રદેશ ભાજપની અલ્પકાલીન વિસ્તારક યોજના અંતર્ગત ૨૫,૨૬ અને ૨૭ જૂન ૩ દિવસ વિસ્તારકો અને કાર્યકર્તાઓ પ્રત્યેક બૂથમાં ઘર ઘર સંપર્ક કરી કેન્દ્રની ભાજપા સરકારની ઉપલબ્ધિઓ અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના મજબૂત, નિર્ણાયક, દૂરંદેશી નેતૃત્વ અંગેની વાત પંહોચતી કરશે. ભાજપની સુનિયોજિત સંગઠન વ્યવસ્થા અને કાર્યકર્તાઓની ફોજ એ ભાજપની મોટી તાકાત છે. ભાજપ સંગઠન હમેશાં વિવિધ કાર્યક્રમો થકી જનતા વચ્ચે રહે છે. સારા અને સંકટના બન્ને સમયે ભાજપાનો કાર્યકર્તા જનતાની પડખે ઊભો જણાય છે. અલ્પકાલીન વિસ્તારક યોજના અંતર્ગત રાજ્યના તમામ વિધાનસભા ક્ષેત્રોમાં એક સાથે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ, સંગઠન મહામંત્રી રત્નાકરજી, મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલાએ વર્ચ્યુઅલ માધ્યમથી ડોર ટુ ડોર સંપર્ક અભિયાનની કાર્યસૂચિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ગાંધીનગર ઉત્તર વિધાનસભાની કાર્યશાળાનું આયોજન સે.૨૮ ખાતે કરવામાં આવ્યું હતું.

---

# રાજ્યકક્ષાએ વિજેતાઓ પોંડીચેરી સ્થિત મહર્ષિ અરવિંદ ઘોષના આશ્રમની મુલાકાતે



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ખાતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની કમિશનર કચેરી દ્વારા દ્વારા તાજેતરમાં મહર્ષિ અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષાએ વયજૂથ ૧૫ થી ૧૯ વર્ષ સુધીના અને ૨૦ થી ૩૫ વર્ષ સુધીના સ્પર્ધકો માટે વકતૃત્વ, નિબંધ અને ચિત્રકલાની સ્પર્ધાઓ યોજાઈ હતી. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા થયેલ સ્પર્ધકો રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યાં હતા જેમાંથી રાજ્યકક્ષાના ટોપ ટેન વિજેતાઓને ગુજરાત સરકાર દ્વારા પોંડીચેરી સ્થિત મહર્ષિ અરવિંદ ઘોષના આશ્રમની શૈક્ષણિક મુલાકાત અર્થે લઈ જવામાં આવ્યાં હતા. આ મુલાકાતમાં ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ દર્શન ગૌતમ પુરાણીએ કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ઓરોવિલે ફાઉન્ડેશનના ચીફ સેક્રેટરી અને રાજ્ય સરકારના સનદી અધિકારી ડૉ. જયંતિ રવિએ આ પ્રયાસને બિરદાવ્યો હતો અને યુવાઓને સંસ્થા સાથે નિયમિત સંપર્ક રાખી, સતત જોડાઈ રહેવા અનુરોધ કર્યો હતો. નોંધનીય છે કે ગાંધીનગરના જિલ્લા યુવા વિકાસ અધિકારી તેજલબેન ચૌહાણ, ભરૂચના જિલ્લા યુવા વિકાસ અધિકારી મિતાબેન ગવલી, તાપીના જિલ્લા યુવા વિકાસ અધિકારી અમૃતાબેન ગામિત, ખેડા જિલ્લાના પ્રાંત યુવા વિકાસ અધિકારી યોગેશ મોદી તેમજ જિગર રાણાના દેખરેખ હેઠળ સ્પર્ધકોને પોંડીચેરી લઈ જવામાં આવ્યા હતા.